# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન

# “ગુરૂ વગર જ્ઞાન નથી - ગુરૂ વગર ગમ નથી - ગુરૂ વગર ગતિ નથી”

જીવે અનંત ભવ ભ્રમણમાં અને આ ભવમાં બધા પ્રકારનો ધર્મ પોતાની સમજણ અનુસાર કર્યો છતાં પરીણામ સ્વરૂપ શું પામ્યો ? જીવે ભવ ભ્રમણમાં ધર્મ સ્વચ્છંદે કર્યો યા કુગુરૂની સમીપે (સાન્નિધ્યમાં) કર્યો માટે જીવની આ ભવમાં પણ અવદશા રહી. જીવ ધર્મ કરવા ગયો તો સંસારભાવ રાખ્યો અને સંસારમાં ગયો તો ધર્મી કહેવરાવવાં ધર્મની ચર્ચા કરવા લાગ્યો. જીવ જો શ્રી તીર્થંકર પરમાત્માના રચાવેલા શાસ્ત્રોનો ટૂંકસાર પણ જો ધારણ કરે તો સર્વ પ્રકારનાં દુ:ખોથી અને ભવ ભ્રમણમાંથી છુટવું મુશ્કેલ નથી. બાળજીવો ચર્ચા-વિચારણામાં શ્રી પરમાત્મામાં બળવાન શ્રધ્ધાની વાતો કરે છે. પણ શ્રધ્ધા કોને કહેવાય તે જ જીવને ખબર નથી. શ્રી પરમાત્માનું નામ તો સર્વ પ્રકારનાં જીવો લે છે. (ધર્મી-અધર્મી-જ્ઞાની-અજ્ઞાની વિગેરે) તો તે સર્વ જીવો શ્રધ્ધાવાન કહેવાય ? શ્રધ્ધા કોને કહેવાય કે શ્રી પરમાત્મા જે કાંઈ કહી ગયા તે બળવાનપણે ધારણ કરવું. શ્રી પરમાત્માએ કહેલું અને કરેલું કરવું તેનું નામ શ્રધ્ધા. જો જીવને પરમાત્મામાં શ્રધ્ધા હોય તો શાસ્ત્રનો આધાર લઈને શાસ્ત્રમાં આપેલા મોક્ષમાર્ગ અનુસાર ધર્મ કરવો

*** સત્સંગ ***

**હે અજ્ઞાનનાં (અ)જ્ઞાની બાળજીવ,**
**તારા (અ)જ્ઞાનથી જ્ઞાન કેમ પામીશ ?**
**પામવા માટે**
**તારા (અ)જ્ઞાન ઉપર, ઉપયોગીનાં**
**ઉપયોગ નો ઉપયોગ મૂક,**
**તારૂં (અ)જ્ઞાન ભાંગશે અને તેમાંથી**
**જ્ઞાન પ્રકાશીત થશે.**
**“ઉપયોગ મૂકવાની રીત સદ્ગુરૂથી શીખ,**
**અને “તેજ” સદ્ગુરૂઓની શીખ”.**

જોઈએ અને શાસ્ત્રોમાં બતાવેલા દોષોનું નિવારણ કરવું જોઈએ અને શાસ્ત્રોમાં બતાવેલા ગુણો પ્રગટાવવા જોઈએ તેનું નામ શ્રી તીર્થંકર પરમાત્મામાં શ્રધ્ધા. શ્રી પરમાત્માનો જીવ ઉપકારીપણું ક્યારે ગણે ? જ્યારે જીવ શ્રી પરમાત્માએ બતાવેલા માર્ગે ચાલે ત્યારે જ જીવને શ્રી પરમાત્માની નિષ્કામ કરૂણા અને ઉપકારીપણું અનુભવે અને વર્તાય અને જીવ જ્યાં સુધી ઉપકારીપણું અનુભવે નહીં ત્યાં સુધી જીવમાં શ્રી પરમાત્મા માટે શ્રધ્ધા જાગે નહીં (સમજણ આવે પણ શ્રધ્ધા નહીં)

**• બાળજીવો માટે શાસ્ત્રનો સાર •**

દેહ અને આત્માની ભિન્નતા જાણવી,
દેહ અને આત્માની ભિન્નતા માનવી,
અને દેહ અને આત્માની ભિન્નતા અનુભવવી.

**“ગુરૂ યોગે” : જ્ઞાન અંધકારમાં દ્રષ્ટિ આપે છે.**
**“ગુરૂ વિયોગે” : અજ્ઞાન દ્રષ્ટિમાં અંધકાર આપે છે.**

તે સ્થિતી પ્રાપ્ત કરવા તેવા અનુભવીનાં આશ્રયે ધર્મ કરવો અને તેવા અનુભવીનાં આશ્રયે જીવે બાર દોષોનું નિવારણ કરવું. (પાંચ ઈન્દ્રિયોનાં વિષયો, ચાર કષાયો, રાગ-દ્વેષ અને અજ્ઞાન). તે બાર દોષોનાં નિવારણ માટે તે અનુભવીની આજ્ઞાને ધર્મ માનવો અને તેમણે આપેલા પુરૂષાર્થને તપ ગણવું. આ મોક્ષમાર્ગમાં ચાલવાની (છેતરાયા વગર) સરળ રીત, જે બુધ્ધિમાં પણ આવી શકે અને જીવ અનુભવી પણ શકે. જીવને આત્મજ્ઞાની સદ્ગુરૂનો યોગ ઘણા ઘણા મનુષ્ય ભવ મળ્યા હોય ત્યારે કોઈ એકાદ ભવમાં જ્ઞાનીનો યોગ થાય છે. (અને એ યોગમાં પણ સત્યની ઝુરણાંનો ગુણ બળવાન હોય ત્યારે) જ્યારે યોગ થાય ત્યારે ઓળખવા યોગ કરતા પણ વધારે દુર્લભ છે. (ઓળખાણ) માટે સ્વચ્છંદનો દોષ મંદ હોય તો ઓળખાય અને જ્ઞાનીનું ઓળખાણ થયા પછી આરાધવા (શ્રધ્ધા કરવી) એ ઓળખાણથીપણ વધારે દુર્લભપણું છે. (માન ભાવ-દેહ ભાવ અને કુળ પરંપરા અને લોક અભિપ્રાય નડતરરૂપ બને) માટે સદ્ગુરૂનો યોગ અત્યંત મુશ્કેલ છે. (જીવ બળવાન આગ્રહી હોય છે કે સદ્ગુરૂ સ્વધર્મનાં હોવા જોઈએ અને ત્યાગી હોવા જોઈએ તે બંને યોગ મળવા અત્યંત મુશ્કેલ છે.) તો જીવને જ્યાં સુધી આત્મજ્ઞાની સદ્ગુરૂનો યોગ ન થાય ત્યાં સુધી (સદ્ગુરૂનો યોગ પ્રાપ્ત કરવાનાં ગુણો પ્રગટાવવાનો ધર્મ કરવો જોઈએ.) જીવે કેવા પ્રકારનો ધર્મ અને કેવા ગુરૂનાં આશ્રયે થાય તેનાં ગુણો અને લક્ષણોની વિચારણા કરીએ.

Website : www.jainojago.com

**■ મુક્તિરોધકસાર ■**

**● પાંચ ઈન્દ્રિયોનાં વિષય, ચાર કષાય અને રાગ-દ્વેષ-અજ્ઞાનનાં નિવારણની ‘ઉપેક્ષા’ કરીને જે ધર્મ કરાવે તે ‘કુગુરૂ’ (ધર્મમાં – અધર્મ (પુણ્ય, સંસારભાવ)નું સ્થાપન કરાવે)**

**● પાંચ ઈન્દ્રિયોનાં વિષય, ચાર કષાય અને રાગ-દ્વેષ-અજ્ઞાનનાં નિવારણની ‘અપેક્ષા’ રાખીને જે ધર્મ કરાવે તે ‘ગુરૂ’ (ધર્મમાં ધર્મભાવનું સ્થાપન કરાવે)**

**● પાંચ ઈન્દ્રિયોનાં વિષય, ચાર કષાય અને રાગ-દ્વેષ-અજ્ઞાનનાં નિવારણનાં લક્ષ સહિત જે ધર્મ કરાવે તે ‘સદ્ગુરૂ’ (ધર્મમાં અને સંસારમાં ધર્મનું સ્થાપન કરાવે)**

## જૈનો જાગો

રમેશ વેજાણી

**લેખાંક : ૩૭**

**ગુરૂનો યોગ,**
**જે બાળજીવોની પુણ્ય પ્રકૃતિ ગાઢ હોય,**
**અને**
**સદ્ગુરૂનો યોગ**
**“હું ધર્મ જાણું છું”**
**તેવા બાળજીવોને ન થાય.**

બાળજીવોનાં હાથમાં જ્યારે આ લેખાંક વાંચવામાં આવે ત્યારથી એક લક્ષ નક્કી કરી લે કે જીવનમાં ધર્મ કરવા માટે એક ગુરૂ અનિવાર્ય છે. **“ગુરૂ વગર શાસ્ત્રોનું સાચું જ્ઞાન નથી અને ગુરૂ વગર મુક્તિ નથી.” જીવનમાં અનેક આવે તેને કુગુરૂ કહેવાય. “પણ” જીવન પર્યંત એક જ હોય તેને ગુરૂ ગણ્યા કહેવાય.**

તો જીવનમાં ગુરૂ કેવા ધારણ કરવા? જે ત્યાગીપણામાં (સાધુપણામાં) નામ ભાવ અને માનભાવ મંદ કરવાના લક્ષી હોય અને બાળજીવોને વારંવાર

**“માન અને મમત્વ મૂકે તો”**
**(સદેહે) મરણ અને મોક્ષ માંગ્યા વગર મફતમાં મળે છે. “મેળવવા માટે” શ્રી મહાવીરનાં માર્ગમાં માથું મૂકીને માનને નમાવવું, મનને મનાવવું, મમત્વને મારવું (વાળવું).**
**“મહત્વકાંક્ષાનું માનવંતું મરણ”**

માનભાવ અને નામભાવથી દૂર રખાવે તેવા અને જેની બાર દોષોમાં મંદતા આવેલી હોય (અજ્ઞાન ગયું હોય) તેવા શ્રી સાધુ ભગવંતનું શરણ સ્વીકારીને તેમની આજ્ઞા અનુસાર વ્રત-તપ-જપ-ક્રિયા-દાન-ત્યાગ વિગેરે પ્રકારનો ધર્મ કરવો અને શાસ્ત્રો સબંધી જિજ્ઞાસાપૂર્વક વિચારણા કરવી. અને સૌથી પહેલા અજ્ઞાન ટાળવાનો ક્રમ લેવો.

### અજ્ઞાન એટલે શું ?

સંસાર સંબંધનું (જગત વિષેનું) ભ્રમીતપણું અને મોક્ષમાર્ગ વિષેનું ભ્રમીતપણું (સંકલ્પ-વિકલ્પ) તેનું નામ અજ્ઞાન.

### જ્ઞાન એટલે શું ?

ભવ ભ્રમણ ફરવાનાં કારણો જાણવા. પાપ પ્રકૃતિ અને બળવાન પુણ્ય પ્રકૃતિ, આત્માનાં ગુણોનું સ્વરૂપ, જીવની વૃત્તિઓનું સ્વરૂપ, દેહનું સ્વરૂપ (આત્મલક્ષ પકડવાથી દેહ યોગી બને નહીતર ભોગી બને). દેહથી મળેલા સંબંધીઓનું સ્વરૂપ (સંબંધો સ્વાર્થથી ભરેલાં છે. તેમાંથી છુટવા આદરભાવ અને ઉપકારીભાવ કેવી રીતે ધારણ કરવો કે જેથી સંબંધોમાંથી રાગ-દ્વેષ છુટે. દેહને લાગતું સુખ-દુ:ખ, સુખ દુ:ખમાંથી કેવી રીતે નિમીત્તથી મુક્ત થઈને અને પદાર્થોમાંથી આસક્તિભાવ કાઢીને અનાસક્તભાવ ધારણ કરવો.

**દેહને મળેલા નામનું મમત્વ કેવી રીતે ટાળવું?** (શ્રી પરમાત્માનું અને ગુરૂનું નામ મોટું કરીને) પોતાનાં નામનું મમત્વ કેવી રીતે મંદ કરીને ટાળવું.

**માન ભાવ કેવી રીતે કાઢવો?** માન અને અપમાન (કિર્તી યશ અને અપયશ) એ પૂર્વનાં કર્મનું

*** સત્સંગનું ફળ ***

**જીવને રહે બાર દોષોનો સંયોગ તો**
**જીવને થાય ભવ ભ્રમણનો સંજોગ.**
**જીવને મળે સદ્ગુરૂનો યોગ તો**
**જીવ પામે સદ્ગુરૂનાં સત્સંગનો પ્રયોગ.**
**જીવને થાય બાર દોષોનો વિયોગ તો**
**જીવને મળે ભવ ભ્રમણનો વિજોગ.**

ફળ છે. એ ફળ અનુસાર યશ અને અપયશ મળે છે. અને તેને મંદ કરવા શું કરવું કે જેથી માનભાવ છુટે. આવા પ્રકારની સમજણ મેળવીને અને સાથે વિભાવને ટાળીને

**જીવે સંસાર પોતાની સમજણે ચલાવવો,**
**ધર્મ (સદ્)ગુરૂની સમજણે કરવો.**

મુળ સ્વભાવ (આત્માનો) તેમાં કેવી રીતે આવવું કે જેથી વૃત્તિઓ કપાય વિગેરે પ્રકારનું જ્ઞાન મેળવવું અને મોક્ષ માટે પાપમાંથી પાછા વળવાનું છે. કે બળવાન પુણ્ય બાંધવાથી મોક્ષ મળવાનો છે કે કષાયો દાબવાથી મોક્ષ મળે કે કષાયો કાપવાથી મોક્ષ મળે ? કષાયો પહેલા કપાય કે આત્મિક ગુણો પહેલા પ્રગટવાવાનાં વિગેરે પ્રકારનું મોક્ષ માટે

**જીવે ભવ ભવાંતરમાં ભવિત ભવ્યતા વિહિન ભવ ભ્રમણમાં ભમવાની ભુલનું ભુલવાપણું એ ભવ ભ્રમણમાં ભમવાની ભુલ (કારણ)**

(માક્ષમાર્ગમાં ચાલવાનું) જ્ઞાન મેળવીને ધર્મ કરવો કે જેથી ધર્મ પરિણામ દાતા (ધારણ કરવાનો) બને અને અજ્ઞાન ટળીને જીવ જ્ઞાન નો જાણકાર બને અને જીવ મોક્ષમાર્ગમાં ચાલવાનો (મોક્ષમાં જવાનો) અધિકારી બને. એ જ ગુરૂપદનું જીવનમાં કરેલા સ્થાપનનું ફળ.

**“સદ્ગુરૂ જ્ઞાન સ્વરૂપ છે. સદ્ગુરૂ સુખ સ્વરૂપ છે. સદ્ગુરૂ જીવન સ્વરૂપ છે. સદ્ગુરૂ આનંદ સ્વરૂપ છે. સદ્ગુરૂ પ્રભુ સ્વરૂપ છે”.**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.